# પ્રાંતિજના તાજપુર કૂઈ ખાતે પતરા ખોલ ગેંગનો તરખાટ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તાજપુર કૂઈ ખાતે છેલ્લા ત્રણ દિવસથી પતરા ખોલ ગેંગ બે દિવસથી પતરા ખોલ ગેંગ દ્વારા અહીં આવેલ દુકાનો તથા કેબીનોમાં છતના ઉપરના ભાગેથી મળ્યો હતો. બીજી તરફ વેપારમા મંદીનું ગ્રહન ચાલતું હોવાથી વેપારીઓની હાલત પણ કફોડી ભાગેથી પ્રવેશ કરી કાજુ-બદામ, ચા ના પેકેટના બાધા ઈલાયચી રોકડ રકમ પરચુરણ સહિત કુલ - થઈ હોવા છતાં પોલીસ હાલ તો ગૌર નિંદ્રામાં હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. બીજી તરફ





સક્રિય થતાં દુકાનો કેબીનોના પતરાં ખોલી દુકાનોમાં રહેલ રોકડ રકમ પરચુરણ સહિત સરસામાનની ચોરી રહ્યા છે.

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ આવેલ પ્રાંતિજના તાજપુર કૂઈ ખાતે છેલ્લા પતરા ખોલી દુકાનો કેબીનોમાં પ્રવેશ કરી દુકાનોમા રહેલ સર સામાન અસ્તવ્યસ્ત કરી રોકડ રકમ પરચુરણ સહિત દુકાનમાં રહેલ સર સામાનની ચોરી થતાં અહીં આવેલ અન્ય દુકાન માલિકોમાં ભયનો માહોલ જોવા બની છે. ઉમીયા હાર્ડવેરની દુકાનમાં ઉપરના ભાગેથી પતરા ખોલી દુકાનમાં પ્રવેશ કરી પરચુરણ સહિત હાર્ડવેરનો સર સામાન ચોરી ગયા હતા. જોગમાયા કરીયાણા સ્ટોર્સમાં પણ છતના પતરા ખોલી ઉપરના ૩૦,૦૦૦ ની ચોરી થઈ. એમ.આર. ટેલર્સમાં પણ છતના પતરા ખોલી પ્રવેશ કરી દુકાનમાં રહેલ સિવેલા કપડાં તથા ગ્રાહકો સીવવા માટે આપેલ કપડાંની ચોરી કરી લઈ ગયા હતા. છેલ્લા બે દિવસથી પતરા ખોલ ગેંગ સક્રિય વેપારીઓ તથા ગ્રામજનો દ્વારા રાત્રીનો પટ્રોલીગ કરવામાં આવે તેવો માંગ પણ ઉઠવા પામી છે, ત્યારે હાલ તો વેપારીઓ દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી તો પોલીસ દ્વારા ઘટના સ્થળે દોડી આવી આગળની તપાસ હાથ ધરી છે.



સેકટર-૭માં સરદાર વલ્લભભાઈ વિદ્યા મંદિરની પાસ શાકમાર્કેટના ઓટલાની સફાઈ કરવામાં આવે છે પરંતુ સફાઈ કરનાર કર્મચારીઓ લાંબો સમય સુધી કચરાના ઢગલાંઓને અહીં જ મુકી રાખતા હોવાથી રખડતા કૂતરાં અને ગાયો કચરાંને વેરવિખેર કરી નાંખે છે.

# બિનસચિવાલય કલાર્કની પરીક્ષામાં ગેરરીતિના વિડીયો સરકાર માટે બૂમરેંગ સાબિત થશે

## પરીક્ષા રદ કરોની પરીક્ષાર્થીઓમાં માંગ પ્રબળ બની

ભિલોડા, તા. ૨૨

ભાજપ સરકારમાં છેલ્લા કેટલાક વર્ષોમાં થયેલી ભરતીમાં ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાની સતત બૂમો ઉઠી રહી છે. રાજ્યમાં તલાટીની ભરતીમાં તલાટી કાંડથી સમગ્ર દેશમાં રાજ્ય સરકારની છબી ખરડાઈ હતી. ગુજરાતમાં સરકારી ભરતીમાં મધ્યપ્રદેશના વ્યાપમ કૌભાંડ કરતા પણ મોટા કૌભાંડ કરવામાં આવતા હોવાના અનેકવાર આક્ષેપ થયા છે. સરકારની ભરતી બહાર પડતાની



સાથે પરીક્ષાર્થીઓમાં કૌભાંડ તો નહિ થાય ને...? ડર સતાવતો હોય છે અને પરીક્ષા પૂર્ણ થતાની સાથે પરીક્ષાના પેપર ફૂટી ગયાથી લઈને પરીક્ષા દરમિયાન ગેરરીતિ આચરવામાં આવી હોવાના સોશ્યલ મીડિયામાં વિવિધ ગેરરીતિ આચરવામાં આવી હોવાના પુરાવા સાથે મેસેજ વાઈરલ થતાની સાથે જ પરીક્ષાર્થીઓમાં ભારે નિરાશા સાથે વિરોધના સુર ઉઠતા હોય છે.

ગુજરાત રાજયમાં બિનસચિવાલય કલાર્કની પરીક્ષા ગત તા. ૧૭મી નવેમ્બરે લેવામાં આવી હતી. જેમાં ગેરરીતિ થઈ હોવાના આક્ષેપો પણ થયા હતા. ત્યારે ઉમેદવારો દ્વારા આજે ભિલોડા મામલતદારને આવેદન પત્ર આપી પરીક્ષામાં તકેદારીના પગલા લેવા રજૂઆત કરવામાં આવી છે. તેમજ હાલમાં લેવાયેલી પરીક્ષા રદ કરી પુનઃ ચૂસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પરીક્ષા લેવા રજૂઆત કરાઈ છે. પરીક્ષાર્થીઓએ સરકારની નીતિ સામે સૂત્રોચ્ચાર કર્યો હતો.

ગુજરાત સરકારમાં બિનસચિવાલય કલાર્કની ખાલી પડેલી જગ્યાઓ પર પરીક્ષા તા. ૧૭મી નવેમ્બરે લેવામાં આવી હતી. જેમાં રાજ્યભરમાંથી જુદા જુદા સેન્ટર પર અંદાજે ૮ લાખ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. પરીક્ષા દરમિયાન કેટલાક સેન્ટરો પર ગેરરીતિ થઈ હોવાના આક્ષેપો થયા હતા. તો કેટલાક સેન્ટરોની પર થયેલી ગેરરીતિની માહિતી હજી બહાર આવી નથી. તેવા આક્ષેપ સાથે ભિલોડા તાલુકામાંથી પરીક્ષા આપનાર ઉમેદવારો દ્વારા ભિલોડા મામલતદારને આવેદન પત્ર આપી વિરોધ નોંધાવ્યો હતો.

બિનસચિવાલય કલાર્કની ખાલી પડેલી જગ્યાઓ પર પરીક્ષા તા. ૧૭મી નવેમ્બરે લેવામાં આવી હતી. જેમાં રાજ્યભરમાંથી જુદા જુદા સેન્ટર પર અંદાજે ૮ લાખ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. પરીક્ષા દરમિયાન કેટલાક સેન્ટરો પર ગેરરીતિ થઈ હોવાના આક્ષેપો થયા હતા.

તો કેટલાક સેન્ટરોની પર થયેલી ગેરરીતિની માહિતી હજી બહાર આવી નથી. તેવા આક્ષેપ સાથે ગુજરાતમાં ધીરે ધીરે પરીક્ષાર્થીઓનો સુર ઉઠી રહ્યો છે. પરીક્ષા રદ કરવાની માંગ ગુજરાતના વિવિધ જીલ્લા મથકોએ અને તાલુકા મથકોએ બેરોજગાર યુવાનો અને વિદ્યાર્થીઓ આવેદનપત્ર આપી એક જ માંગ કરી રહ્યા છે. કોઈ પણ સંજોગોમાં બિનસચિવાલયની પરીક્ષા રદ કરવામાં આવે અને પરીક્ષામાં ગેરરીતિ આચરવામાં સંડોવાયેલા શખ્સો સામે શખ્ત કાર્યવાહી કરવામાં આવેની માંગ પ્રબળ બનતા સરકાર માટે આગામી સમયમાં પરીક્ષાર્થીઓનો વિરોધ બૂમરેંગ સાબિત થાય તો નવાઈ નહિ..!!

# ધાનેરા તાલુકા શિક્ષણ અધિકારીની શિક્ષકો સામે લાલ આંખ : ૧ સસ્પેન્ડ ૩ ડિસમિસ

ધાનેરા તાલુકા શિક્ષણ અધિકારી એ શિક્ષકો સામે લાલ આંખ કરી એક શિક્ષકને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે તો ત્રણ શિક્ષકો ને ડિસમિડ કરતા અન્ય શિક્ષકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.


વિન્છીવાડી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા કિરણભાઈ ચૌધરી ને સસ્પેન્ડ કરી વાવ હેડકવાર્ટર ખાતે મૂકવામાં આવ્યા છે શાળામાં શિક્ષક તરીકે ત્યારે ભાટરામ પ્રાથમિક શાળા માં ફરજ બજાવતા અમિતભાઈ બારોટ આશિયા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હેમાંગિની બેન પરમાર અને એટા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા રવિના બેન પટેલ ને કાયમ માટે ફરજ મુક્ત કરી ડિસમિડ કરતા ચકચાર મચી જવા પામી છે.

આ શિક્ષકો લાંબા સમયથી શિક્ષણ માં બેદરકારી દાખવતા હતા અને સતત ગેરકાયદેસર ગેરહાજર રહેતા હોવાની શિક્ષણ વિભાગને જાણ થતાં શિક્ષણ વિભાગે પગલાં લઈ તાત્કાલિક કાર્યવાહી કરતા અન્ય ગુલલિબાજ શિક્ષકોમાં ભારે ભયનો માહોલ જોવા મળ્યો હતો.

# ધાનેરામાં ઝાંસીની રાણીના પ્રતિમા ઉપર જન્મદિન નિમિત્તે ફૂલ ચઢાવવાનો કોઈને ટાઈમ નથી

## ચૂંટણી પતી ગઈ.. હવે દેશભક્તિ પણ પતી ગઈ લાગે છે

અંગ્રેજો સામે લડત માં લડનારા અને અંગ્રેજો ના દાંત ખાટા કરનારા અનેક શૂરવીરો થઈ ગયા છે જેમાં ઝાંસી ની રાણી નું



નામ મહિલાઓમાં પ્રથમ નંબર આવે છે એવી વીરાંગના ની ૧૯ મી નવેમ્બર એ તેમના જન્મદિનની યાદ કોંગ્રેસ અને ભાજપના દેશભકિતની વાતો કરનારા રાજકારણીઓ ભૂલી ગયા છે.

ધાનેરા નગરપાલિકા પાસે ઝાંસી ની રાણી ની યાદ સ્વરૂપે મોટી પ્રતિમા મુકવામાં આવેલ છે જે પ્રતિમા નુ અપમાન થઈ રહ્યું જણાય છે ૧૯મી નવેમ્બરે તેમના જન્મદિન નિમિત્તે નગરપાલિકાના દ્વારા.કે કોંગ્રેસ-ભાજપના રાજકીય હોદ્દેદારો દ્વારા કે કાર્યકર્તાઓ દ્વારા તેમના જન્મદિને યાદ કરી પુષ્પાંજલિ આપવાનું ટાઈમ લીધો નથી ચુંટણીના સમયે બંને પક્ષના નેતા ઓ રાજકારણી નેતાઓ સરઘસ કાઢવા તેમજ અન્ય પ્રતિમા ઉપર ફુલહાર ચઢાવી લોકોને ખુશ કરતા જોવા મળ્યા છે પરંતુ ધાનેરા તાલુકામાં ફક્ત એક જ ઝાંસી ની રાણીની પ્રતિમા હોવાથી આ વીરતાને કેમ કોઈએ યાદ ન કરી ? એક શરમજનક બાબત છે. લાખો કરોડો રૂપિયાના ખર્ચે ધાનેરામાં અનેક સ્થળો પર અલગ અલગ પ્રતિમા લગાવવામાં આવે છે પરંતુ તે ફક્ત પ્રતિમા લગાવી અને બીલો બનાવા? આ સિવાય કાંઈ નજરમાં કોઈ આવતું નથી આમ દેશભક્તિની વાતો કરનારા કોંગ્રેસ અને ભાજપના રાજકારણીઓ મતલબ સિવાય તેમને કંઈ દેખાતું નથી જે આ વાત થી જણાઈ આવે છે.જે ખૂબ શરમજનક બાબત છે તેવી લોકો દ્વારા ચર્ચાસ્પદ વિષય બની રહ્યો છે.



ગાંધીનગર ખાતેની ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી જેડા દ્વારા સાણંદની ઈન્સ્ટિટ્યુટ ઓફ સેફ્ટી એન્ડ ફાયર ખાતે ઊર્જા સંરક્ષણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા સંચાલિત કરવામાં આવ્યો હતો.

# મનરેગા હેઠળ ઉચાપત કેસમાં ત્રણને આગોતરા જામીન મળ્યા

સુરતના તાપી જિલ્લામાં નિઝર તાલુકામાં કુકરમુંડા ખાતે મનરેગા યોજના હેઠળ સદ્ગવાણ ગ્રામ પંચાયત ખાતે ૨૦૦ કેટલ શેડ બાંધવાના હતા પરંતુ અમુક જ શેડ બનાવી મોટાભાગના કેટલ શેડ બાંધ્યા વિના જ લાખો રૂપિયાની નાણાંકીય ઉચાપત કરવાના ચકચારભર્યા કૌભાંડમાં ગુજરાત હાઈકોર્ટે આખરે નિઝરના ટીડીઓ પિયુષ પાયઘોડે, સરપંચ લતાબહેન કુંવર અને તલાટી કમ મંત્રી ગુમાનભાઈ ચૌધરીને આગોતરા જામીન પર મુકત કરવાનો હુકમ કર્યો હતો. મનરેગા હેઠળ કેટલ શેડના બહાને રૂ.૮૭ લાખથી ઉચાપતના ચકચારભર્યા કેસમાં ટીડીઓ પિયુષ પાયઘોડે તથા અન્ય આરોપીઓ તરફથી સિનિયર એડવોકેટ આર.જે.ગોસ્વામી અને એડવોકેટ સિધ્ધાર્થ ખેસકાનીએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, ફરિયાદપક્ષના આરોપ મુજબ, મનરેગા હેઠળ સદ્ગવાણ ગ્રામ પંચાયત ખાતે ૨૦૦ કેટલ શેડ બાંધવાના હતા પરંતુ ૧૧૧ કેટલ શેડ બનાવાયા જ ન હતા તેમછતાં ટીડીઓ પાયઘોડે દ્વારા ધી નિઝર તાલુકા યુવા ઉત્કર્ષ મજૂર અને કામદાર સહકારી મંડળીને લાખો રૂપિયાના બીલો મંજૂર કરી ચૂકવી દેવાયા હતા. આ મામલે નિઝર પોલીસ મથકમાં તા.૭-૭-૧૯ના રોજ ફરિયાદ થઈ હતી પરંતુ આ કેસમાં નોંધનીય વાત એ છે કે, ફરિયાદ દસ મહિના બાદ એટલે કે, વિલંબિત સમય પછી થયેલી છે.

### મુખ્યમંત્રી બનશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે જૂઠું બોલી રહ્યા હતા. તમે બધાએ જોયું છે કે તેઓએ છેલ્લા વર્ષોમાં આપણને શું કહ્યું અને આપણી સાથે શું કર્યું. શિવસેના પ્રમુખે તેમના ધારાસભ્યો સાથે કોંગ્રેસ અને એનસીપી સાથે જવા વિશે વાત કરતાં કહ્યું કે 'હવે અમે નવા જોડાણ સાથે જઈ રહ્યા છીએ, તેમાં છેલ્લો તબક્કો ચાલી રહ્યો છે. જે આજે સાંજ સુધીમાં ફાઈનલ થઈ જશે. જોકે, ઉદ્ધવ ઠાકરેએ મુખ્યમંત્રી તેઓ બનશે કે કોણ બનશે તેનો કોઈ ફોડ બેઠકમાં પાડ્યો નહોતો. અલબત્ત, ધારાસભ્યોની સતત માંગ છે કે ઉદ્ધવ ઠાકરેએ મુખ્યમંત્રી પદ સંભાળવું જોઈએ. જેના પર તેમણે માત્ર એટલું જ કહ્યું હતું કે તે યોગ્ય સમયે નિર્ણય લેશે. શિવસેનાના ધારાસભ્ય જાધવે વધુમાં જણાવ્યું હતું કે, ઉદ્ધવ ઠાકરે જે કંઈપણ નિર્ણય લેશે તે તમામ ધારાસભ્યોને માન્ય રહેશે. અમે ઈચ્છીએ છે કે ઉદ્ધવજી અથવા આદિત્ય ઠાકરે મહારાષ્ટ્રના આગામી મુખ્યમંત્રી બને. સૂત્રોના કહેવા પ્રમાણે, નવા ગઠબંધનમાં મુખ્યમંત્રી પદ શિવસેનાના ખાતામાં જઈ રહ્યું છે, કોંગ્રેસ અને એનસીપી ડેપ્યુટી સીએમપદ મેળવી શકે છે. આ સિવાય હમણાં ત્રણેય પક્ષો મંત્રાલય ઉપર મંથન કરી રહ્યા છે.

### રેલવેના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રૂપિયાની મૂડી સરકાર એકલા હાથે એકત્રિત કરી શકે તેમ નથી જેથી પગલા લઈ રહી છે. રાજ્યસભામાં ગોયેલે કહ્યું હતું કે, અમારો ઈરાદો યાત્રીઓને વધુ સારી સુવિધા આપવા માટેનો રહેલો છે. બજેટ સંબંધિત દબાણ અને અન્ય મુદ્દાઓનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, દરરોજ સંસદ સભ્યો રેલવે લાઈનો અને વધુ સારી સેવાઓની માંગણીઓને લઈને તેમની પાસે આવી રહ્યા છે. રેલવે માટે આગામી ૧૨ વર્ષમાં ૫૦ લાખ કરોડ રૂપિયા એકત્રિત કરવાની બાબત શક્ય દેખાઈ રહી નથી. અમે તમામ લોકો આને સારીરીતે જાણીએ છીએ. યાત્રીઓની વધતી જતી ભીડને પહોંચી વળવા હજારો નવી ટ્રેનો અને વધુને વધુ મૂડીરોકાણના સંદર્ભમાં વાત કરતા રેલવેમંત્રીએ કહ્યું હતું કે, જો ખાનગી કંપનીઓ રેલવેમાં રોકાણ માટે ઈચ્છુક છે તો વર્તમાન વ્યવસ્થાને ચલાવવા માટે કેટલાક પગલા લેવા પડશે. આનાથી ગ્રાહકો અને યાત્રીઓને ફાયદો થશે.

### પ્રિ-ટેસ્ટ લેવાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિભાગના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે ૪ એપ્રિલ ૨૦૨૦ના રોજ બાળકની વાંચન અર્થગ્રહણ અંગે પોષ્ટ-ટેસ્ટ યોજાશે. વાંચન અભિયાનના આ અનોખા અભિયાન અંતર્ગત બે વિશિષ્ટ પ્રવૃત્તિઓ પણ યોજવાની છે જેમાં વિદ્યાર્થીઓ દ્વારા શાળા કક્ષાએ પ્રોજેક્ટ થશે, કલસ્ટર, તાલુકા અને જિલ્લા સ્તર સુધી વાંચન અર્થગ્રહણ સ્પર્ધાઓ પણ યોજવામાં આવશે. આ વાંચન અભિયાન સર્વગ્રાહી હોવાથી બાળક શિક્ષણમાં નબળુ રહે નહિ તે દિશામાં મહત્વનું પગલુ હોવાનો દાવો પણ શિક્ષણ વિભાગ કરી રહેલ છે. શિક્ષણ વિભાગ દ્વારા બીજા પણ કેટલાક મહત્વના નિર્ણયો આગામી દિવસોમાં લેવામાં આવશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

### ચેક રીટર્ન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલમ ૧૩૮ મુજબ ગાંધીનગરની ચીફ જયુ મેજી કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ ગાંધીનગરની કોર્ટમાં ચાલી જતા જજ આર ડી મહેતાએ આરોપી શિવરાજજી પોપટજી નાથાજી વાઘેલાને બે વર્ષની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીને રૂ ૯.૩૦ લાખ આરોપીને વળતર તરીકે ચુકવી આપવા આદેશ કર્યો છે. જયારે આરોપી આ રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૬ માસની કેદની સજા ભોગવવ હુકમ કર્યો છે.

### મુલાકાતે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોસ્પિટલ ખાતે અધિકારીઓ દ્વારા ગુજરાત રાજ્ય ના આરોગ્ય સચિવ સાથે વિડીયો કોન્ફરન્સ કરી રિવ્યૂ મીટિંગ યોજી હતી. આ દરમિયાન ડૉ.સંજય રોયે જણાવ્યું હતું કે, અમે સ્થળ મુલાકાત લીધી છે અને આગામી ફેબ્રુઆરી સુધીમાં ભૂમિપૂજન કરી એઈમ્સ હોસ્પિટલનું કામ આગામી ૨ વર્ષ સુધીમાં પૂર્ણ થવાની શક્યતા છે. બીજી તરફ એઈમ્સ હોસ્પિટલનું નિર્માણ જલ્દી થી થાય એ માટે વહીવટી તંત્ર દ્વારા પણ જમીન સંપાદન, રોડ રસ્તા, પાણી અને વીજળી સહિતની વ્યવસ્થા માટે અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ ડેપ્યુટી કલેક્ટરે રેલવે બ્રિજ અંગે કામગીરી પણ ચાલુમાં હોવાનુ જણાવ્યું હતું.

# સુરતમાં બીઆરટીએસે વૃદ્ધાને અડફેટે લીધા : કોંગીના દેખાવ

અમદાવાદ, તા.૨૨

સુરતમાં છેલ્લા બે દિવસમાં સીટી બસની અડફેટે ચારના મોત નીપજ્યા છે. જેનો રોષ હજી શાંત થયો નથી. ત્યારે આજે સતત ત્રીજા દિવસે ફરી નાનપુરા વિસ્તારમાં સીટી બસે રોડ ક્રોસ કરતી એક નિર્દોષ વૃધ્ધાને અડેફેટે લીધી હતી. સીટી બસના રોજ રોજના અકસ્માતોના પગલે લોકોમાં હવે ભારોભારો આક્રોશ પ્રવર્તી રહ્યો છે. સીટી બસની ટક્કરથી વૃધ્ધાને માથા અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જો કે, વૃધ્ધાનો જીવ બચી ગયો એ જ મોટી વાત હતી. આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલી વૃધ્ધાને હાલ સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સીટી બસ(બીઆરટીએસ) બસ દ્વારા રોજ રોજ સુરતના એક પછી એક વિસ્તારોમાં ગંભીર અને જીવલેણ અકસ્માતો સર્જવાના કારણે સુરતવાસીઓ હવે વિફર્યા છે અને બીઆરટીએસ બસ સેવા બંધ કરવા ઉગ્ર માંગણી ઉઠાવી રહ્યા છે. તો, સુરતવાસીઓની લાગણીને ધ્યાનમાં રાખી કોંગ્રેસ દ્વારા પણ આજે સુરત મનપા ખાતે જોરદાર હલ્લાબોલ કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. કોંગ્રેસના સેંકડો કાર્યકરો સુરત મનપાની સ્થાયી સમિતિના ખંડની બહાર ધરણાં પર બેસી ગયા હતા અને જોરદાર સૂત્રોચ્ચાર સાથે સુરતમાં સીટી(બીઆરટીએસ) બસ સેવા તાત્કાલિક બંધ કરવા ઉગ્ર માંગણી કરી હતી. આ અંગે પ્રાપ્ત માહિતી પ્રમાણે, સુરતના નાનપુરા નાવડી ઓવારા પાસે રોડ ક્રોસ કરતા વૃધ્ધા હસુમતીબેન મૈસુરીયા (ઉ.વ.આ.૬૦) સીટી બસની અડફેટે આવ્યા હતા. જેમાં વૃધ્ધાને માથા અને પગના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માતના પગેલ આસપાસથી લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. જો કે, રોજબરોજના અકસ્માતના પગેલ હવે લોકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. જ્યારે અકસ્માત બાદ બસનો ચાલક બસ લઈને ભાગી ગયો હતો. વૃધ્ધા સીટી બસની અડફેટે આવી રહી હોવાની ઘટના સીસીટીવીમાં કેદ થઈ જતાં હવે સુરત મનપા તંત્ર દ્વારા શું પગલા લેવાય છે તેની રાહ જોવાઈ રહી છે. સીસીટીવીમાં સીટી બસ પસાર થતી એ દરમિયાન આધેડ મહિલા બસ સાથે ટકરાતી હોય તેવું સ્પષ્ટ સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, બુધવારના રોડ ડિંડોલી બ્રિજ પર સિટી બસે બાઈકને અડફેટે લીધું હતું. જેમાં પિતા-પુત્ર અને ભત્રીજાનું મોત નીપજ્યું હતું. જ્યારે આ ઘટનામાં પરિવારજનો દ્વારા મૃતકોના મૃતદેહ પણ સ્વીકારવામાં આવ્યા ન હતા.

# NSUIએ BRTS બસોને બંધ કરાવીને દેખાવો કરાયા

## એનએસયુઆઇના કાર્યકરો બસની છતો ઉપર ચડી ગયા, ટાયરોથી હવા કઢાઇ : પોલીસે કાર્યકરોની કરેલી અટકાયત

અમદાવાદ, તા.૨૨

પાંજરાપોળ ચાર રસ્તા પર બીઆરટીએસની ટક્કરે બે સગા ભાઈઓના મોતની ચકચારી અને હ્રદયદ્રાવક દુર્ઘટનાના વિરોધમાં આજે એનએસયુઆઈ દ્વારા અમદાવાદ શહેરમાં બીઆરટીએસ બસ બંધનું એલાન આપવામાં આવ્યું તું અને એનએસયુઆઈના હજારો કાર્યકરો શહેરના વિવિધ વિસ્તારોમાં માર્ગો પર ઉતરી આવ્યા હતા અને બીઆરટીએસ બસને બંધ કરાવી બંધના એલાનને સફળ બનાવવાનો પ્રયાસ કર્યો હતો એનએસયુઆઈના કાર્યકરોએ આજે શહેરના ગુજરાત યુનિવર્સિટી, લો ગાર્ડન સહિતના વિવિધ વિસ્તારોમાં બીઆરટીએસ બસોને બંધ કરાવી હતી. સેંકડો કાર્યકરોએ રસ્તા રોકી, બીઆરટીએસ બસની છત પર ચડી જઈ અને ટાયરોની હવા કાઢી નાંખી બીઆરટીએસ બસો બંધ કરાવી હતી. પોલીસે પણ ઉશ્કેરાયેલા એનએસયુઆઈના કાર્યકરોને એક તબક્કે ટીંગાટોળી અટકાયત કરવી પડી હતી, જેને પગલે મામલો ગરમાયો હતો. એનએસયુઆઈના કાર્યકરોએ નાગરિકોની સુરક્ષા માટે બીઆરટીએસ કોરિડોર તાત્કાલિક ધોરણે હટાવવાની માંગ સાથે જોરદાર સૂત્રોચ્ચાર અને વિરોધ-દેખાવો યોજયા હતા. ગઈકાલે શહેરના પાંજરાપોળ ચાર રસ્તા પાસે



બીઆરટીએસ બસની ટક્કરે બે સગા ભાઈઓના મોતના અકસ્માત પછી ડ્રાઈવર બસ મૂકી ભાગી છૂટ્યો હતો. પરંતુ તેની મોડી રાત્રે ધરપકડ કરાઈ હતી. અકસ્માતને પગલે આજે નેશનલ સ્ટુડન્ટ યુનિયન ઓફ ઈન્ડિયા (એનએસયુઆઈ)એ બંધનું એલાન આપ્યું હતું. જેમાં ગુજરાત યુનિવર્સિટી પાસે એનએસયુઆઈના કાર્યકરોએ બસોને રોકાવી હતી. ઘટના સ્થળે પહોંચીને પોલીસે કાર્યકરોની ટીંગાટોળી કરીને અટકાયત કરી હતી. જ્યારે એનએસયુઆઈ દ્વારા લો ગાર્ડન સહિતના વિસ્તારોમાં પણ બસો રોકવામાં આવી હતી અને ટાયરોમાંથી હવા કાઢી દેવામાં આવી હતી. ગુજરાત યુનિવર્સિટીના બીઆરટીએસ બસ સ્ટોપ પાસે એનએસયુઆઈના કાર્યકરોએ હલ્લાબોલ કર્યો હતો અને ત્યાંથી પસાર થતી બસોને રોકાવી હતી. તો કેટલાક એનએસયુઆઈ કાર્યકરો બસ પર ચડી ગયા હતા અને બસ વ્યવહાર ખોરવી દીધો હતો. જેને પગલે ત્યાં દોડી આવેલી યુનિવર્સિટી પોલીસે એનએસયુઆઈ કાર્યકરોને વિરોધ પ્રદર્શન કરતા અટકાવ્યા હતા.